Extra No. 224

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII ] WEDNESDAY, AUGUST 25, 2021 / BHADRA 3, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૨૦૨૧

ગુજરાંત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**ના તારીખઃ **૩જી જૂન, ૨૦૨૧**ના જાહેરનામા **ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૧/૮/પીડીએસ-૧૦-૨૦૧૭/પ૨૮/સી-૧.–** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Gujarat Vigilance Committees (Targeted Public Distribution System) Rules, 2021**

ગુજરાત તકેદારી સમિતિઓ (લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા) નિયમો, ૨૦૨૧ સંબંધી

જાહેરનામું

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩-જી જૂન, ૨૦૨૧

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.**

**ક્રમાંક. જીટીએચ/૨૦૨૧/૮/પીડીએસ-૧૦-૨૦૧૭/૫૨૮/સી-૧** : રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૨૯-ની પેટા-કલમ (૧) સાથે વાંચતાં, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ઠ)થી ફરમાવ્યા પ્રમાણે, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તારીખ:૨૦-મી ફેબ્રુઆરી, ૨૦૨૧-ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીટીએચ/૨૦૨૧/૭/ પીડીએસ-૧૦-૨૦૧૭/૫૨૮/ સી-૧ હેઠળ અમુક નિયમોનો મુસદ્દો, તારીખ: ૨૬-મી ફેબ્રુઆરી, ૨૦૨૧-ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-ક-ના પાના ૩૧-૧ થી ૩૧-૪ માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને, સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઇપણ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૨૯-ની પેટા-કલમ (૧) સાથે વાંચતાં, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ઠ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ નિયમો, ગુજરાત તકેદારી સમિતિઓ (લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા) નિયમો, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- **(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-**

(ક) “અધિનિયમ” એટલે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ૨૦મો);

(ખ) “બારકોડેડ રેશન કાર્ડ” એટલે અધિનિયમ મુજબ ઓળખી કાઢેલ પાત્ર પરિવારોને આપવામાં આવેલ કાર્ડ;

(ગ) “કેન્દ્રીય પીડીએસ નિયંત્રણ હુકમ” એટલે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૧૫;

(ઘ) “આયોગ” એટલે અધિનિયમની કલમ ૧૬ હેઠળ રચાયેલ અથવા કલમ ૧૮ હેઠળ મુકરર કરેલ રાજ્ય અન્ન આયોગ:

(ચ) “જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી” એટલે અધિનિયમની કલમ ૧૫ હેઠળ નીમાયેલ અથવા મુકરર કરેલ અધિકારી;

(છ) “પાત્ર પરિવારો” એટલે રાજ્ય સરકાર દ્વારા અધિનિયમ હેઠળ પાત્ર પરિવારમાં આવતી હોય તેવી ઓળખી કાઢેલ અને માન્ય બારકોડેડ રેશન કાર્ડ ધરાવતી હોય તેવી વ્યક્તિ;

(જ) “સરકાર” એટલે ગુજરાત સરકાર;

(ઝ) “કલમ” એટલે અધિનિયમની કલમ.

(ટ) “તકેદારી સમિતિ” એટલે આ અધિનિયમ હેઠળની તમામ યોજનાઓના અમલીકરણ ઉપર દેખરેખ રાખવા માટે કલમ ૨૯ હેઠળ રચેલી સમિતિ:

(૨) આ નિયમોમાં વપરાયેલા હોય પરંતુ વ્યાખ્યાયિત કરેલા ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫-નો ૧૦મો) અને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૧૫માં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૩. **વિવિધ કક્ષાએ તકેદારી સમિતિઓની રચના કરવા બાબત:**- વિવિધ કક્ષાએ એટલે કે રાજ્ય, જિલ્લા, તાલુકા, શહેર અને ગ્રામ્ય કક્ષાએ તકેદારી સમિતિઓ રહેશે.

૪. **રાજ્ય કક્ષાની તકેદારી સમિતિ:-** રાજ્ય સરકાર, રાજ્ય કક્ષાની તકેદારી સમિતિની રચના કરશે, જે નીચે પ્રમાણેના સભ્યોની બનશે.

(ક) માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ - અધ્યક્ષ:

(ખ) માનનીય રાજ્ય કક્ષાના મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ - સભ્ય:

(ગ) માનનીય રાજ્ય કક્ષાના મંત્રી, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન- સભ્ય:

(ઘ) માનનીય રાજ્ય કક્ષાના મંત્રી, શહેરી ગૃહ નિર્માણ - સભ્ય:

(ચ) અધ્યક્ષ, ગુજરાત રાજ્ય અન્ન આયોગ- આમંત્રિત સભ્ય:

(છ) સભ્ય સચિવ, ગુજરાત રાજ્ય અન્ન આયોગ - આમંત્રિત સભ્ય;

(જ) અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/સચિવ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ- સભ્ય;

(ઝ) સંયુક્ત સચિવ/નાયબ સચિવ (પીડીએસ), અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ - સભ્ય;

(ટ) નિયામક, અન્ન, નાગરિક પુરવઠા - સભ્ય-સચિવ;

(ઠ) મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ- સભ્ય;

(ડ) ઉત્તર, મધ્ય, દક્ષિણ અને કચ્છ - સૌરાષ્ટ્ર ઝોનમાંથી એક માનનીય સંસદ સભ્ય- સભ્યો;

(ઢ) ઉત્તર, મધ્ય, દક્ષિણ અને કચ્છ - સૌરાષ્ટ્ર ઝોનમાંથી વિધાનસભાના બે માનનીય સભ્યો - સભ્યો;

(ત) ઉત્તર, મધ્ય, દક્ષિણ અને કચ્છ - સૌરાષ્ટ્ર ઝોનમાંથી જિલ્લા પંચાયતના પ્રમુખ - સભ્યો;

(થ) ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (સીઇઆરસી)ના પ્રમુખ- સભ્ય;

(દ) પ્રમુખ, ગુજરાત રાજ્ય વાજબી ભાવની દુકાનોનું અસોસિએશન - સભ્ય:

પરંતુ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલા અને ગરીબ વ્યકિતઓ અથવા અશક્ત વ્યક્તિઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જોઇશે.

૫. જિલ્લા કક્ષાની તકેદારી સમિતિજિલ્લા કલેક્ટર -:, નીચેના સભ્યોની બનેલી જિલ્લા કક્ષાની તકેદારી સમિતિની રચના કરશે-:

(ક) સંબંધિત જિલ્લા પંચાયતના પ્રમુખ - અધ્યક્ષ

(ખ) જિલ્લા કલેક્ટર - ઉપાધ્યક્ષ

(ગ) જિલ્લા વિકાસ અધિકારી - સભ્ય;

(ઘ) જિલ્લા પુરવઠા અધિકારી - સભ્ય સચિવ;

(ચ) જિલ્લાના તમામ સંસદ સભ્યો- સભ્યો;

(છ) જિલ્લાના તમામ વિધાનસભાના સભ્યો - સભ્યો;

(જ) સભ્ય, ગુજરાત રાજ્ય અન્ન આયોગ - તેઓના સંબંધિત જિલ્લાની જિલ્લા તકેદારી સમિતિના આમંત્રિત સભ્ય;

(ઝ) તાલુકા તકેદારી સમિતિના ત્રણ સભ્યો - સભ્યો;

(ટ) જિલ્લા પંચાયતના ત્રણ સભ્યો - સભ્યો;

(ઠ) જિલ્લાની એન.જી.ઓ ના બે સભ્યો - સભ્યો;

(ડ) જિલ્લાની વાજબી ભાવની દુકાનોના અસોસિએશનના પ્રમુખ - સભ્ય;

(ઢ) પીએચએચ અને એએવાય રેશન કાર્ડ ધારકો - ૨ સભ્યો:

પરંતુ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલા અને ગરીબ વ્યક્તિઓ અથવા અશક્ત વ્યક્તિઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જોઇશે.

૬. **તાલુકા કક્ષાની તકેદારી સમિતિ:-** તાલુકા મામલતદાર, નીચેના સભ્યોની બનેલી તાલુકા કક્ષાની તકેદારી સમિતિ બનાવશે:-

(ક) તાલુકા પંચાયતના પ્રમુખ - અધ્યક્ષ;

(ખ) તાલુકા વિકાસ અધિકારી - સભ્ય;

(ગ) મામલતદાર/ઝોનલ અધિકારી - સભ્ય-સચિવ;

(ઘ) તાલુકાના વિધાનસભાના/સંસદ સભ્ય- સભ્ય;

(ચ) તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી ત્રણ મહિલા સભ્યો:

પરંતુ અનુસૂચિત જાતિઓના ચૂંટાયેલા સભ્યોમાંથી એક સભ્ય હોવો જોઇશે.

(છ) તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી અન્ય ત્રણ સભ્યો;

(જ) ગ્રામ્ય તકેદારી સમિતિના પ્રમુખો, જેની સંખ્યા તાલુકાના કુલ ગામોની ૧૦ ટકા હોય;

(ઝ) તાલુકાના એક એનજીઓ (NGO)ના પ્રમુખ;

(ટ) તાલુકા એફએસ અસોસિયેશનના પ્રમુખ અથવા પ્રતિનિધી.પી.;

(ઠ) પીએચએચ (PHH), એએવાય (AAY) રેશન કાર્ડ ધારકોમાંથી પાંચ સભ્યો

પરંતુ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલાઓ અને ગરીબ વ્યક્તિઓ અથવા અશક્ત વ્યક્તિઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જોઇશે.

૭. **શહેર કક્ષાની તકેદારી સમિતિ:-** ખાદ્ય (અન્ન) નિયંત્રક, અમદાવાદ શહેર-એ અમદાવાદ શહેરમાં દરેક વોર્ડના એફપીએસ (FPS) (વાજબી ભાવની દુકાનો) મુજબ શહેરી કક્ષાએ તકેદારી સમિતિની રચના કરવી જોઇશે. તાલુકા મામલતદારે, તેમના નિયંત્રણ હેઠળના તાલુકાઓના દરેક શહેરમાં એફપીએસ મુજબ સમિતિઓની રચના કરવી જોઇશે. સમિતિ, નીચેના સભ્યોની બનેલી હોવી જોઇશે:-

(ક) સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન/ મ્યુનિસિપાલિટી/ નગર પંચાયતના કોર્પોરેટર.-અધ્યક્ષ

(ખ) પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર સાથે જોડાયેલ માન્ય બારકોર્ડવાળા રેશન કાર્ડ ધરાવતા ઓળખાયેલ કુટુંબો, નીચેની રીતે અને સંખ્યામાં, સંબંધિત વિસ્તારના સભ્ય બનશે.

(૧) પીએચએચ (PHH) રેશન કાર્ડ ધારકોમાંથી ૨ સભ્યો

(૨) એએવાય (AAY) રેશન કાર્ડ ધારકોમાંથી ૨ સભ્યો

(૩) પ્રાથમિક શાળાના શિક્ષકોમાંથી ૧ સભ્ય

(૪) ૨ મહિલા પ્રતિનિધિ

(૫) સંબંધિત વિસ્તારના પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાંથી ૧ સભ્ય

પરંતુ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલાઓ અને ગરીબ વ્યક્તિઓ અથવા અશક્ત વ્યક્તિઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જોઇશે.

૮. **ગ્રામ્ય કક્ષાની તકેદારી સમિતિ:-** તાલુકા મામલતદાર, નીચેના સભ્યોની બનેલી ગ્રામ્ય કક્ષાની તકેદારી સમિતિની રચના કરશે:-

(ક) સંબંધિત ગામના સરપંચ- અધ્યક્ષ;

(ખ) તલાટી-કમ-મંત્રી- સભ્ય-સચિવ;

(ગ) એએવાય (AAY) રેશન કાર્ડ ધારકોમાંથી બે સભ્યો

(ઘ) પીએચએચ (PHH) રેશન કાર્ડ ધારકોમાંથી બે સભ્યો

(ચ) પ્રાથમિક શાળાના શિક્ષકોમાંથી એક સભ્ય

(છ) બે મહિલા પ્રતિનિધિ સભ્યો

(જ) સંબંધિત ગામની એક પ્રતિષ્ઠિત વ્યક્તિ

પરંતુ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, મહિલાઓ અને ગરીબ વ્યક્તિઓ અથવા અશક્ત વ્યક્તિઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું જોઇશે.

૯. **તકેદારી સમિતિઓના કાર્યો:-** તકેદારી સમિતિઓ, અધિનિયમની કલમ ૨૯ હેઠળ ઠરાવેલા તેમજ વખતોવખત સુધારેલ કેન્દ્રીય અને રાજ્ય જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) (નિયંત્રણ) હુકમ, ૨૦૧૫ મુજબ કાર્યો કરશે.

૧૦. **તકેદારી સમિતિઓની મુદત-:** તકેદારી સમિતિઓની મુદત બે વર્ષની રહેશે.

૧૧. **તકેદારી સમિતિઓની બેઠકની સામયિક્તા:-**

(૧) રાજ્ય કક્ષાની તકેદારી સમિતિ, ત્રણ મહિનામાં એકવાર મળશે.

(૨) શહેર કક્ષાની તકેદારી સમિતિ, દરેક મહિનાની ૧૫ થી ૨૦ તારીખોની વચ્ચે મળશે.

(૩) જિલ્લા કક્ષાની તકેદારી સમિતિ, દરેક મહિનાની ૨૦ થી ૨૫ તારીખોની વચ્ચે મળશે.

(૪) તાલુકા કક્ષાની તકેદારી સમિતિ, દરેક મહિનાની ૧૫ થી ૨૦ તારીખોની વચ્ચે મળશે.

(૫) ગ્રામ્ય કક્ષાની તકેદારી સમિતિ, દરેક મહિનાની ૧૫ થી ૨૦ તારીખોની વચ્ચે મળશે.

૧૨. તકેદારી સમિતિઓ દ્વારા યોજાયેલ બેઠકોની સંખ્યા, ડિરેક્ટર (નિયામક), અન્ન અને નાગરિક પુરવઠા-એ "પારદર્શક્તા (Transparency) પોર્ટલ" પર દર્શાવવી જોઇશે.

૧૩. રાજ્ય સરકારે, કેન્દ્રીય લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (TPDS) (નિયંત્રણ) હુકમ, ૨૦૧૫-માં ઠરાવેલા નમૂના એનેક્ષર-૬ મુજબ, તકેદારી સમિતિઓના કાર્યો અંગેનો વાર્ષિક અહેવાલ, કેન્દ્ર સરકારને મોકલવો જોઇશે.

૧૪. **સૂચનાઓના પાલન માટે હુકમો બહાર પાડવાની સત્તાઓ:-** રાજ્ય સરકાર અથવા ડિરેક્ટર (નિયામક), આ નિયમોની વિવિધ જોગવાઇઓના પાલનને સુનિશ્ચિત કરવા અને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શકતા, ઉત્તરદાયિત્વ અને નવીનતાના અમલીકરણ માટે, સમયાંતરે જરૂરી હુકમો/ સુચનાઓ બહાર પાડી શકશે.

૧૫. **મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું:-** આ સમિતિઓના સભ્યોને, વખતોવખત સુધારેલા તારીખ: ૦૩/૧૦/૨૦૧૨ના નાણા વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક. પીજીઆર-૧૦૦૯-૭૭-પે સેલ (ચ)ની જોગવાઇઓ મુજબ, મુસાફરી ભથ્થું અને મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**નયના પટેલ,**
સરકારના નાયબ સચિવ.

---------

Government Central Press, Gandhinagar.

Extra No. 70

વાર્ષિક લવાજમનો દર રૂ.૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII ] FRIDAY, JUNE 11, 2021 / JYAISTHA 21, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 3rd June, 2021.

**NATIONAL FOOD SECURITY ACT, 2013.**

**No. GTH/2021/8/PDS/10-2017/528/C-1:-** WHEREAS certain draft rules were published as required by clause (j) of sub-section (2) of section 40 read with sub-section (1) of section 29 of the National Food Security Act, 2013 (20 of 2013) at pages 31-1 to 31-4 in the Gujarat Government Gazzette Extraordinary part IV-A dated 26th February, 2021, under the Government Notification, Food, Civil Supplies and Consumer Affairs Department, No. GTH/2021/3/PDS/10-2017/528/C-1, dated the 20th February, 2021 inviting objections or suggestion from all persons likely to be affected thereby within a period of thirty days from the date of publication of the said notification in the *Official Gazette.*

AND, WHEREAS, no objections or suggestions have been received by the Government, in respect to the said draft notification;

NOW, THEREFORE, in exercise of the powers conferred by clause (j) of sub-section (2) of section 40 read with sub-section (1) of section 29 of the National Food Security Act, 2013 (20 of 2013) the Government of Gujarat hereby makes the following rules, namely:-

**NATIONAL FOOD SECURITY ACT, 2013.**

**1.** Short Title and Commencement. - (l) These rules may be called the Gujarat Vigilance Committees (Targeted Public Distribution System) Rules, 2021.

(2) They shall come into force from the date of their publication in the *Official Gazette.*

**2.** Definitions.- (1) In these rules, unless the context otherwise requires, —

(a) "Act" means the National Food Security Act, 2013 (20 of 2013);

(b) "Barcoded ration card" means card issued to the eligible households identified as per the Act;

(c) "Central PDS Control Order" means the Targeted Public Distribution System (Control) Order, 2015;

(d) "Commission" means State Food Commission constituted under section 16 or designated under section 18 of the Act

(e) "District Grievance Redressal Officer" means officer appointed or designated under section 15 of the Act;

(f) "eligible households" means a person belonging to eligible households identified as such under the Act by the State Government and in possession of a valid barcoded ration card;

(g) "Government" means the Government of Gujarat,

(h) "section" means section of the Act.

(i) "Vigilance Committee" means a committee constituted under section 29 to supervise the implementation of all schemes under the Act;

(2) Words and expressions used in these rules but not defined, shall have the same meaning as respectively assigned to them in the Act, Essential Commodities Act, 1955 (10 of 1955) and the Targeted Public Distribution, System (Control) Order, 2015;

3. **Composition of Vigilance Committees at various levels:-** There shall be vigilance committees at different levels namely State, District. Taluka, City and Village level.

4. **State level Vigilance Committee:-** The State Government shall constitute the State level Vigilance Committee which shall consist of the following members namely.-

(a) Hon.Minister, Food, Civil Supplies and Consumer Affairs Department - Chair Person,

(b) Hon.Minister, of State, Food, Civil Supplies and Consumer Affairs Department - Member;

(c) Hon.Minister of State, Rural Housing, Rural Development, Animal Husbandry, Cow Breeding - Member;

(d) Hon. Minister of State, Urban Housing - Member;

(e) Chairperson, Gujarat State Food Commission - Invited Member;

(f) Member Secretary, Gujarat State Food Commission – Invited Member;

(g) Additional Chief Secretary/Principal Secretary/Secretary Food, Civil Supplies and Consumer Affairs Department - Member;

(h) Joint Secretary/Deputy Secretary (PDS) Food, Civil Supplies and Consumer Affairs Department-Member;

(i) Director, Food, Civil Supplies - Member Secretary;

(j) Managing Director, Gujarat State Civil Supply Corporation Ltd.-Member;

(k) One Hon. Member of Parliament from North, Central, South, and Kutch-Saurastra zone - Members;

(l) Two Hon. Member of Legislative Assembly from North, Central, South and Kutch-Saurastra zone-Members;

(m) President of the District Panchayat from North, Central, South and Kutchh-Saurastra zone - Members;

(n) President of Consumer Education and Research Centre (CERC) Member;

(o) President, Gujarat State Fair Price Shops Association - Member:

Provided that due representation shall be given to the Scheduled Castes, Scheduled Tribes, women and destitute persons or persons with disability.

5. **District level Vigilance Committee:-** The District Collector shall constitute the District level Vigilance Committee which shall consist of the following members namely:-

(a) The President of respective District Panchayat - Chairperson;

(b) The District Collector - Vice Chairperson;,

(c) District Development Officer - Member;

(d) District Supply Officer - Member Secretary;

(e) All Members of Parliament of the District - Members;

(f) All Members of Legislative Assembly of the District - Members:

(g) Member, Gujarat State Food Commission - Invited Member of District Vigilance Committee of their concern district;

(h) Three members from President of Taluka vigilance committee - Members;

(i) Three members of District Panchayat - Members;

(j) Two members of NGO of District - Members;

(k) President of District Fair Price Shop Association - Member;

(I) PHH and AAY ration card holders - 2 Members-

Provided that due representation shall be given to the Scheduled Castes, Scheduled Tribes, women and destitute persons or persons with disability.

**6.** **Taluka level Vigilance Committee:-** The Taluka Mamlatdar shall constitute the Taluka level Vigilance Committee which shall consist of the following members namely:-

(a) The President of the Taluka Panchayat - Chairperson;

(b) Taluka Development Officer - Member;

(c) Mamlatdar/Zonal Officer - Member Secretary;

(d) Member of Legislative Assembly/Parliament of the Taluka- Member;

(e) Three women members from the elected members of Taluka Panchayat;

Provided that one member shall be from elected members of the Scheduled Castes;

(f) Other three members out of elected members of Taluka panchayat;

(g) Presidents of Village Vigilance Committee, the number of which is 10 percent of total villages of Taluka;

(h) President of one NGO of Taluka;

(i) President or representative of Taluka F.P.S Association,

(j) Five members from PHH, AAY ration card holders

Provided that due representation shall be given to the Scheduled Castes. Scheduled Tribes, women and destitute persons or persons with disability.

**7.** **City level Vigilance Committee:-** The Food Controller, Ahmedabad City shall constitute the City level Vigilance Committee per FPS of each ward in Ahmedabad city. The Taluka Mamlatdar shall constitute the committee per FPS of each city of Talukas under his control. The committee shall consist of the following members namely:-

(a) Corporator of the respective Municipal Corporation/Municipality/Nagar Panchayat.- Chairperson;

(b) The identified household having valid barcoded ration card attached with Pandit Dindayal Grahak Bhandar shall be member in the following manner and in numbers of respective area.

(i) 2 Members from PHH ration card holders

(ii) 2 Members from AAY ration card holders

(iii) 1 Member from teachers of Primary School

(iv) 2 Women representative

(v) 1 Member from reputed persons of the respective area

Provided that due representation shall be given to the Scheduled Castes, Scheduled Tribes, women and destitute persons or persons with disability.

**8.** **Village level Vigilance Committee:-** The Taluka Mamlatdar shall constitute the Village level Vigilance Committee which shall consist of the following members namely:-

(a) Sarpanch of the respective village - Chairperson;

(b) Talati cum Mantri - Member secretary;

(c) Two members from AAY ration card hoders;

(d) Two members from PHH ration card holders;

(e) One member from primary school teacher;

(f) Two members women representative;

(g) One reputed person of the concerned village:

Provided that due representation shall be given to the Scheduled Castes, Scheduled Tribes, women and destitute persons or persons with disability.

**9.** **Functions of the Vigilance Committees**: - The Vigilance Committees shall perform the functions as prescribed under section 29 of the Act as well as the Central and State Public Distribution System (PDS) (Control) Order, 2015 as amended from time to time.

**10.** **Tenure of the Vigilance Committees**:- The tenure of the Vigilance Committees shall be for two years.

**11. Periodicity of meeting of the Vigilance Committees:-**

(1) The State level Vigilance Committee shall meet once in three months.

(2) The City level Vigilance Committee shall meet every month between dates of 15 to 20.

(3) The District level Vigilance Committee shall meet every month between dates of 20 to 25.

(4) The Taluka level Vigilance Committee shall meet every month between dates of 15 to 20.

(5) The Village level Vigilance Committee shall meet every month between dates of 15 to 20.

**12.** The number of meetings held by the Vigilance Committees shall be displayed on the "Transparency Portal" by Director, Food and Civil Supplies.

**13.** The State Government shall send an Annual Report to the Central Government on the functioning of the Vigilance committee in the format Annexure-VI as prescribed in the Central Targeted Public Distribution System (TPDS) (Control) Order, 2015.

**14. Powers to issue orders for compliance of instructions:-** The State Government or the Director may issue necessary orders/instructions, from time to time, to ensure compliance of various provisions of these rule and for the transparency, accountability and implementation of innovations in Targeted Public Distribution System.

**15. Travelling allowance and Dearness allowance:-** Travelling allowance and Dearness allowance shall be admissible to the members of these committees as per provisions of the Government resolution, Finance Department No. PGR-1009-77-Pay Cell (CH), dated 3/10/2012 as amended from time to time.

By order and in the name of the Governor of Gujarat,

**NAYANA PATEL,**
Deputy Secretary to Government.

----------

Government Central Press, Gandhinagar.